

# પૂ. જ્યોતિબહેન જીવતું જાગતું ભાગવત હતાં...

*(ગુણાતીત સમાજનાં માવતર અને ગુણાતીત જ્યોતનાં વરિષ્ઠ સદ્ગુરુ સંત પૂ. જ્યોતિબહેન ૧૪ જાન્યુઆરી, ૨૦૧૮ - મકરસંક્રાન્તિની પાવન પ્રભાતે ૩:૩૦ વાગ્યે સ્વધામ પધાર્યાં. બહેનોના ભગવાન ભજવાના યોગીસંકલ્પને ઝીલી જીવન ઝુકાવનાર પ્રથમ સાધુ, ભક્તહૃદયી, સેવામૂર્તિ પૂ. જ્યોતિબહેનના અક્ષરધામગમનના સમાચાર મળ્યેથી સવારે જ સંતભગવંત સાહેબજીએ પારમિતા મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ ધૂન-પ્રાર્થનાઓ કરી-કરાવી સૌને બળ પૂરું પાડ્યું. વળી, મહાપૂજા કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પી. પૂ. દિલીપભાઈ, પૂ. રતિકાકા, પૂ. અશ્વિનભાઈ અને સંતભગવંત સાહેબજીએ તેઓનાં જીવન, કાર્યના માહાત્મ્યનું અનુપમ દર્શન કરી અંજલિ અર્પણ કરી. ૧૬ જાન્યુઆરીના રોજ પૂ. જ્યોતિબહેનના પાર્થિવદેહને બ્રહ્મજ્યોતિ મોગરીમાં 'સમન્વય રથ'માં બિરાજમાન કરી પ્રાસાદિક સ્થાનોની પ્રદક્ષિણા અર્થે લઈ આવવામાં આવ્યો. ગુરુદેવ યોગીજીમહારાજની મૂર્તિ સમક્ષ પુષ્પાંજલિ-હૃદયાંજલિ અર્પણ કરાઈ. ત્યાર બાદ ગાના સ્થિત 'પપ્પાજી તીર્થ' પર અંત્યેષ્ટિવિધિ સંપન્ન થઈ, જેમાં સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો, વ્રતધારી સંતો સંગ અનેક અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે સાહેબજીએ જે માહાત્મ્યસરવાણી વહાવી તેમજ સંતોના હૃદયમાં જે પ્રાર્થનાભાવ સ્ફૂર્યા તે પૂ. જ્યોતિબહેનને ભક્તિપૂર્ણ શ્રદ્ધાંજલિ સ્વરૂપે અર્પણ!)*

**શાસ્ત્રીજીમહારાજ** અને યોગીજીમહારાજે શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવાના જે દિવ્ય કાર્યનો પ્રારંભ કર્યો, તે કાર્યમાં કાકાજી-પપ્પાજી સાથે રહીને ગુણાતીત સમાજની સ્થાપનાનાં પાયાનાં મુકતો પૈકીનાં પૂ. જ્યોતિબહેન ! તેઓનો દેહવિલય થયો તેથી આપણને હૃદયમાં ખરેખર ખોટ વર્તાય.

સોનાબા, કાંતિકાકા, જ્યોતિબહેન, તારાબહેનનું જીવન ભીડાભક્તિનું અદ્ભુત ઉદાહરણ છે. તારદેવમાં સોનાવાલા બિલ્ડિંગમાં તેમનું એક રૂમ અને કિચનનું નાનકડું ઍપાર્ટમૅન્ટ ! તેમાં સોનાબા, કાંતિકાકા, લલિતાકાકી, જ્યોતિબહેન, તારાબહેન, વાસુદેવભાઈ (પૂ. જ્ઞાનસ્વરૂપસ્વામી), ઘનશ્યામભાઈ અને તેમનાં બહેનો; આમ આખું કુટુંબ રહે. તેની ઉપર ૬-ડી ફ્લૅટમાં કાકાજી-પપ્પાજી અને બધાં રહે. ત્યારે સોનાબાના ઘરે શાસ્ત્રીજીમહારાજ સંતો સાથે રહે. મુંબઈમાં કેટલાં બધાં ઘરો હતાં, પણ શાસ્ત્રીજીમહારાજ ત્યાં જ ઊતરે ! એટલે સોનાબા, જ્યોતિબહેન-તારાબહેન અને બધાં બહેનો ઉપરના માળે ગાનાવાળા દિલીપભાઈને ત્યાં રહેવા જતાં રહે. કોઈ હરિભક્ત આફ્રિકાથી સ્ટીમરમાં આવે એટલે મુંબઈ ઊતરે, તેઓ બાપાની આજ્ઞાથી ઊતરે સોનાબાને ત્યાં ! ગુજરાતમાં કોઈ ભક્ત બીમાર પડે અને ટ્રીટમેન્ટ માટે મુંબઈ જવાનું થાય તો તે પણ ઊતરે સોનાબાને ત્યાં જ ! એટલા નાના ઘરમાં હરિભક્તોને પ્રભુના ભાવથી સાચવવાના અને સેવા કરવાની ! આવું એક-બે દિવસ નહિ, પરંતુ સોનાબા વીરસદથી મુંબઈ ગયાં ત્યારથી તો છેક ૧૯૬૬માં વલ્લભવિદ્યાનગર આવ્યાં ત્યાં સુધી ! અખંડ ભીડા-ભક્તિ ! પોતાનું કોઈ જીવન જ નહિ, સઘળું સત્સંગ માટે જ ! શાસ્ત્રીજીમહારાજ રાજી થાય છે, યોગીજીમહારાજ રાજી થાય છે; સતત તે જ



અનુસંધાન ! કાકાજી-પપ્પાજીને પણ પ્રભુના સ્વરૂપ માની તેમના કાર્યમાં હોમાયાં અને તેમાંથી આખા ગુણાતીત સમાજનું સર્જન થયું !

અમે બાપા સાથે જોડાયેલા, બાપા સાથે વિચરણ કરતા, પણ મુંબઈ બહુ ઓછું જવાનું થતું તેથી બહેનોની પ્રવૃત્તિથી બહુ માહિતગાર ન હતા ! પણ બાપાએ કાકાજીનો જોગ આપ્યો ત્યારે ખબર પડી કે, બહેનો ભગવાન ભજે છે !

વી.એસ.ને યુનિવર્સિટી તરફથી ક્વાર્ટર મળેલું-ડી-૬૯. વી.એસ. સાથે પ્રફુલ્લ (પૂ. પ્રેમસ્વરૂપસ્વામી), અરુણ અને જે સાધુ થવાના હોય તેવા યુવકો રહે. બાપાની આજ્ઞાથી કાકાજી વલ્લભવિદ્યાનગર આવે ત્યારે ત્યાં જ ઊતરતા ! છોકરાઓ જ્યાં રહેતા હોય તે બ્લૉક કેવો હોય ? એક વખત કાકાજી જ્યારે પધાર્યા હતા ત્યારે જ્યોતિબહેન અને બહેનો પણ આવ્યાં હતાં, જેઓ એક હરિભક્તને ત્યાં ઉતર્યાં હતાં. સાંજે કાકાજીના સાંનિધ્યે બ્લૉક પર સભા રાખી હતી, એટલે બધાં બહેનો પણ સભામાં આવ્યાં. કથા પૂરી થઈ એટલે અમે બધા ભાઈઓ કાકાજી સાથે બહાર ડ્રોઈંગ રૂમમાં ગોષ્ઠિ કરતા હતા. એ બ્લૉક ત્રણ બૅડ રૂમનો હતો અને બહેનો અંદરની રૂમોમાં હતાં. ગોષ્ઠિ પૂરી થઈ, બધાં ગયાં એટલે અમે અંદર ગયા. જોયું તો બધા રૂમ ચોખ્ખાચણાક થઈ ગયા હતા ! રસોડાનાં વાસણ ધોવાઈ ગયાં હતાં, પોતું થઈ ગયું હતું, ચાદરો સરખી પાથરી હતી. એટલે અમને થયું કે, 'આ કોણ કરી ગયું ?' ત્યારે કોઈકે કહ્યું કે, 'જ્યોતિબહેન અને બહેનો કરી ગયાં !' આવા વર્તનથી તેઓએ બધાંને પોતાનાં કર્યાં છે.

જ્યોતિબહેને આ દેહ મૂક્યો ત્યાં સુધી સેવાની કોઈ પણ તક જતી કરી નથી! તેમનું વર્તન વાતો કરે ! કોઈ પણ ભક્તનું ઘર એ મંદિર છે અને તેથી એ મારું છે; અને એટલે જ જ્યોતિબહેન જ્યાં પણ ગયાં ત્યાં એવું જ વર્ત્યાં. કોઈના પણ ઘરે જાય તો તેઓ રસોઈ કરવા મંડી પડે, વાસણ ધોવા લાગી જાય, સાફસૂફી કરવા લાગે, કપડાં ધોવા મંડી પડે ! હું સદ્‌ગુરુ છું, હું સાધુ છું, હું ત્યાગી છું, હું મોટી છું; તેવું કશું પણ વિચાર્યા વગર બસ, ભગવાન અને ભગવાનના ભક્તોની સેવા મળી તેનો તેમને આનંદ હતો, જેને લઈને કુટુંબોમાં સંવાદિતા સ્થપાતાં અક્ષરધામનું જીવન જીવતાં થઈ જતાં, આ સાધુતા ! આ સાધુનો ગુણ છે ! પળેપળ સેવા, પળેપળ ભગવાનની સ્મૃતિ, પળેપળ ભગવાન રાજી થાય તેવું જ વર્તન ! આવું તેઓ સતત જીવ્યાં.

સંત બહેનો વલ્લભવિદ્યાનગર રહેવા આવ્યાં પછી પણ વધારેમાં વધારે કોઈએ દોડાદોડી કરી હોય તો તે જ્યોતિબહેને ! સોખડા, સાંકરદા, પવઈ, દિલ્હી, અનુપમ મિશન કે BAPS સંસ્થા-જ્યોતિબહેનને બધાં જ પોતાનાં લાગે ! કોઈ સાથે સહેજ પણ ઓરો ભાવ નહિ ! એવાં સોનાબાને આપણને જીવતાં જોયેલાં અને એ ગુણ જ્યોતિબહેનમાં હતો. સોનાબાને ભક્તો સિવાય કોઈનો ભાર નહિ. ભગવાનના ભક્તોની સેવા સિવાય સોનાબાએ બીજી કોઈ પ્રવૃત્તિ જ નથી કરી. તે જ ગુણ જ્યોતિબહેનનો હતો ! ભાઈઓ-બહેનો માટે એટલો બધો ભાવ-પ્રેમ ! આ બાઈ છે કે ભાઈ છે એવું કદી રાખ્યું નથી ! સતત ઘૂમતાં રહ્યાં એટલે જ કાકાજી તેમને ગુણાતીત સમાજનું બુલબુલ કહેતા !

જ્યોતિબહેન સદાય હસતાં, સદાય સૌને પ્રેમ આપે, હૂંફ આપે. કોઈ પણ હોય તેની વાત સાંભળે અને મદદરૂપ થાય અને ભગવાનમાં જોડી કલ્યાણનો અધિકારી બનાવે. એક્ઝેક્ટ બા જેવું કરતાં તેવું જ કર્યું ! બાનું જ સ્વરૂપ !

અમે છેલ્લે ઝાયડસ હૉસ્પિટલમાં દર્શને ગયા ત્યારે દેહની એટલી બધી બીમારી છતાં મોઢું હસતું ! વાતો કરી પણ દુ:ખની લકીરનાં સહેજ પણ દર્શન ના થાય ! સંતો સતત પ્રભુની મૂર્તિમાં રહે છે તેનું દર્શન કરાવ્યું. તેમને દેહના સહેજ પણ ભાવ નથી એટલે આવા દુ:ખની પણ અસર થાય નહિ ! એટલું અદ્‌ભુત જીવન તેઓ જીવ્યાં, જે આ બહેનો માટે પથદર્શક, ધ્રુવતારક હતાં. જ્યોતિબહેન જીવતું જાગતું ભાગવત હતાં !

જ્યોતિબહેન સાથે અશ્વિનભાઈ, રતિકાકાએ ઘણું કામ કર્યું. શરૂઆતમાં અમે થોડા ભાઈઓ અને થોડાં બહેનો જ હતાં. ત્યારે સમૈયા-ઉત્સવ, સત્સંગનાં કાર્યો ચાલે તો ભેગાં થઈને નિર્ણય લેવાના, આયોજન કરવાનાં. એમાં જ્યોતિબહેન હોય તો સૌને કામ કરવાની અનુકૂળતા ખૂબ રહે, એવું ફ્લેક્સિબલ એમનું જીવન હતું. ખૂબ મળતાવડો-કૉઑપરેટિવ સ્વભાવ, એટલે સમસ્ત સત્સંગસમાજને તેમણે ખૂબ હૂંફ આપી, ખૂબ પ્રેમ આપ્યો.

૮૪ વર્ષની તેમની ઉંમર હતી, પરંતુ હમણાં દિલ્હીના સમૈયામાં પણ તેઓ હાજર રહ્યાં. ત્યારે પણ ફેફસામાં ઈન્ફેક્શન હતું, ગુરુજીએ પણ ના કહેવડાવી હતી કે, 'તમે નહિ આવો તો ચાલશે, આશીર્વાદ આપશો !' પણ



ઝાયડસ હૉસ્પિટલમાં સાહેબજી પધાર્યા... પ્રાર્થનાભાવ અર્પણ કર્યા...



બ્રહ્મજ્યોતિ સ્થિત કાકાજી-બાના સમાધિસ્થાનનાં દર્શન-પ્રદક્ષિણા અર્પણ

તેઓ કહે કે, 'મારે જવું જ છે!' પોતાની ઈચ્છા હતી તેથી શરીર સારું થઈ ગયું. દિલ્હીમાં દરેક સભા અને દરેક કાર્યક્રમોમાં તેઓ હાજર રહ્યાં. એક દિવસ ત્યાં દિલ્હીમાં મંદિરમાં રાત્રે પોણા બાર વાગ્યે અમે-ગુરુજી અને સંતો તેમજ પાછળ ભક્તો બેઠા હતા, ત્યાં પૂ. જ્યોતિબહેન આવ્યાં. મોડી રાત થઈ હતી એટલે અમે તો સૂવા જતા હતા એટલે પૂછ્યું કે, 'તમે હમણાં ક્યાંથી આવ્યાં ?' તેઓ કહે કે, 'બધા બેઠા હતા, તો થયું કે મળીએ !' અમે તો 'જય સ્વામિનારાયણ' કહીને સૂવા જતા રહ્યા. સવારે પૂછ્યું કે, 'કેટલા વાગ્યા સુધી બેઠાં હતાં ?' ત્યારે કહ્યું કે, 'દોઢ વાગ્યા સુધી !' વિચાર કરીએ કે, આવી તબિયત, આટલી બધી ઠંડી, પણ દેહને ગણ્યા વગર, 'ભગવાન અને ભગવાનના ભક્તોને રાજી કરવા આ દેહ કુરબાન છે' તે ભાવના રાખી અને ભગવાનની સેવા માટે તેઓએ ૧૦૦% નહિ પણ, ૧૦૦%થી પણ વધુ દેહ વાપર્યો. ધન્ય છે એમને ! અને એવી જ રીતે હસતાં-રમતાં પ્રભુના ધામમાં બિરાજી ગયાં. સૌ માટે એમનું જીવન પ્રેરણારૂપ છે.

શાસ્ત્રીજીમહારાજની કૃપાવાળું સોનાબાનું કુટુંબ અને એટલા જ ભાવથી યોગીજીમહારાજનો સ્વીકાર કર્યો. એટલા જ ભાવથી કાકાજી, પપ્પાજી, પ્રમુખસ્વામીજી, મહંતસ્વામીજી, હરિપ્રસાદસ્વામીજી અને સૌનો સ્વીકાર કર્યો. એટલા જ ભાવથી જ્યોતમાં રહેતાં સદ્‌ગુરુ સંત બહેનોનો સ્વીકાર કર્યો; તે કંઈ ખાવાના ખેલ નથી ! સ્ત્રીઓ માટે ઘણું અઘરું છે. એક સ્વરૂપમાં સ્ત્રીને જ્યાં શ્રદ્ધા બેઠી પછી તેમાંથી બીજે જોડાવું બહુ અઘરું, પણ કેવળ આત્મા-પરમાત્માના ભાવથી જોડાય તો થાય ! શાસ્ત્રીજીમહારાજને સાચા અર્થમાં અક્ષરપુરુષોત્તમનું સ્વરૂપ માન્યા ! શાસ્ત્રીજીમહારાજના દેહ સાથે નહિ, પણ તેઓ અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ છે તે ભાવે તેઓને વિષે જોડાયાં. નહિતર, શાસ્ત્રીજીમહારાજ સાથે દેહથી-હેત-પ્રેમથી જોડાયેલાને યોગીબાપામાં સહેલાઈથી શ્રદ્ધા બેઠી નહિ, એવા લોકો વારેવારે કહેતા કે, 'શાસ્ત્રીજીમહારાજ આવું કરતા, આમ કહેતા, આમ કરતા'; પણ તે શાસ્ત્રીજીમહારાજ યોગીબાપા થકી પ્રગટ છે તે સમજતા નહિ ! જ્યારે સોનાબાને, કાકા-પપ્પાને, જ્યોતિબહેન, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, વી.એસ.; એ બધાંને તે સમજાયું. બાપા સાથે અસાધારણ પ્રેમથી તેઓ જોડાયાં અને પછી એટલો જ ભાવ કાકાજી-પપ્પાજીમાં રાખ્યો. એ ખરેખર પ્રભુનો, આત્માથી પરમાત્માનો સ્વીકાર કર્યો હોય તો જ શક્ય થાય. આ સંતોનાં જીવનથી આપણને એ દર્શન થાય છે. પછી તેમને વિષે મનુષ્યભાવ આવવાનો સવાલ જ ન રહે ! તેમની દરેક ક્રિયા ગમે, હરેક ક્રિયામાં મજા આવે, હરેક ક્રિયાની સ્મૃતિ થાય. એવું જ્યોતિબહેન જીવ્યાં તો સદાય હસતાં રહ્યાં, આવાં સ્વરૂપો દેહના ભીડાને, દેહની તકલીફોને ગણે નહિ, એને પ્રભુ તરફથી મળેલો પ્રસાદ છે તેમ માની તેનો સ્વીકાર કરે. તો તેઓ સદાય હસતાં રહ્યાં અને તેમના યોગમાં જે આવ્યાં તે સૌને હસતાં રાખ્યાં અને પ્રભુમાં જોડી પ્રભુમય બનાવતાં રહ્યાં. અદ્‌ભુત જીવન જીવીને ગયાં તેવાં જ્યોતિબહેનને લાખ, લાખ પ્રણામ, વંદન ! ◆

**પૂ. અશ્વિનભાઈ :** પૂ. જ્યોતિબહેને પ્રગટ સત્પુરુષ સાથેનો એમનો સંબંધ દીપાવ્યો. પપ્પાજી-કાકાજી ઘણી વખત કહેતા કે, 'આ જ્યોતિ, તારા, હંસા, દેવીએ અમારું ખૂબ શોભાડ્યું.' એમનાં જીવનમાંથી પ્રેરણા લઈએ અને પોતાના પ્રગટ સત્પુરુષને વિષે એવો દિવ્યભાવ અને પોતાના સાથીદારો-સત્સંગીઓ સાથે એવો નિર્દોષભાવ હંમેશને માટે દૃઢ કરવાનો રૂડો સંકલ્પ કરતા રહીએ તેવી મંગલ પ્રાર્થના ! ◆

**પૂ. રતિકાકા :** ગુણાતીત જ્યોતમાં આટલાં બધાં બહેનો ભગવાન ભજે છે, તો એ માર્ગે કોઈ પાયાની ઈંટ કે પથ્થર બન્યું હોય તો એ જ્યોતિબહેન-તારાબહેન છે. એમને સખત વિરોધ વચ્ચે સાધનાની શરૂઆત કરી અને તે બધા વિરોધને અવગણી, બાપાની રુચિ કે, 'બહેનો ભગવાન ભજે તેમાં શું ખોટું !' તેને જડબેસલાક જીવી બતાડ્યું. જ્યોતિબહેનનું જીવન ખૂબ સરળ અને સહજ હતું. સ્ત્રી-પુરુષના ભાવથી પર સ્વાભાવિકપણે વર્તાતું તેમનું જીવન હતું. ◆

**પૂ. દિલીપભાઈ :** પૂ. જ્યોતિબહેન ગુણાતીત સમાજનાં માવતર હતાં. આખા સમાજની તેઓએ દોડી-દોડીને સેવાઓ કરી છે. તેઓ જે માર્ગ કંડારી ગયાં છે તે માર્ગે ચાલવા સૌને બળ, બુદ્ધિ ને પ્રેરણા મળે તે જ પ્રભુચરણે પ્રાર્થના ! ◆






બ્રહ્મજ્યોતિમાં 'સમન્વય રથ'માં બિરાજિત પૂ. જ્યોતિબહેનના પાર્થિવ દેહનાં અંતિમ દર્શન વેળાએ સાહેબજી સંગ સંતો-ભક્તો દ્વારા હૃદયાંજલિ અર્પણ



# જ્યોતિબહેન નિર્મલ પવિત્ર સાધુતાની મૂર્તિ...
# દિવ્ય તેજોમય ગુણાતીત જ્યોતિ



### પ.પૂ. જ્યોતિબહેન અક્ષરધામ સિધાવ્યાં

દિવ્ય તેજોમય ગુણાતીત જ્યોતિ
પપ્પાજીના બ્રહ્મસ્વરૂપે એકાકાર.
ભગવાન સ્વામિનારાયણનો સંબંધ
શાસ્ત્રીજીમહારાજના દર્શને પાવન થયો... સેવા કરી
યોગીબાપાને રાજી કર્યા ને ધ્યેય નક્કી થયાં
ભગવાન ભજો અને બહેનોને પ્રેરણા આપો
તે વચન ઝીલી, સમગ્રને ઝુકાવ્યું
કાકાજી-પપ્પાજીના આશ્રયે સાધના શરૂ કરી
નૂતન સાધનામાર્ગનાં દ્યોતક ને પોષક બન્યાં
બહેનો ભગવાન ભજતાં થયાં... નૂતન યુગ આરંભાયો
તેનાં અગ્રેસર બન્યાં... સાધનાપથ કંડાર્યો
તારાબહેન-જ્યોતિબહેન ભગિની બેલડી
સાધના કરતાં બહેનોનાં પથદર્શક બન્યાં.
જ્યોતિબહેન નિર્મલ પવિત્ર સાધુતાની મૂર્તિ
સાધુના સર્વે ગુણે ઓપતું એ તેજોમય સ્વરૂપ.
સંબંધમાં આવે તેને ભગવાન દેવાનો ઉદ્યમ
દેહાતીત અવસ્થામાં જીવે... દેહથી પર થવા પ્રેરે
હઠ, માન, ઈર્ષા, રાગ-દ્વેષ રહિતનું જીવન
સહજતા સરલતાનું સાક્ષાત્ સ્વરૂપ
દાસત્વભાવનું મૂર્તિમંત સ્વરૂપ
સંબંધે સૌને બ્રહ્મરૂપ માને ને સ્વીકારે
સૌ સહજાનંદનાં સ્વરૂપ... સૌ મારાં... જે પ્રભુનાં
તે ભાવે અપેક્ષારહિત સ્વીકારે ને જતન કરે.
યોગીનાં સૌને નિર્દોષ માની સેવા કરી
'સંબંધવાળામાં મહારાજ જુઓ' પપ્પાજીનું સૂત્ર-આદેશ
જીવનની પ્રતિપળ જીવી બતાવ્યું... સૌ માટે આદર્શ બની રહ્યાં.
સ્વરૂપલક્ષી જીવન સાધુતાનું દિવ્ય દર્શન
સર્વદેશીયતાથી -આત્મીયતાથી સૌમાં રસબસ થયાં
સ્વધર્મ સાચવી સૌને ભગવાન આપ્યા
બહેનોનાં તો ગુરુ છતાં દાસ બની રહ્યાં
સેવકભાવે સૌની સેવા કરતાં રહ્યાં, નમતાં રહ્યાં
સાથીદાર સૌનો સ્વીકાર અને મહિમાભાવ
તે સૌને ગમે... સૌને તે સહજ ગમાડે
ભેદદૃષ્ટિ રહિતનું દિવ્ય જીવન.

તેઓના હૈયે સૌને વિશે બ્રહ્મસંબંધે પ્રેમ છલકાતો
નિરપેક્ષ વાત્સલ્યે સૌને પોતાના હેતથી નવરાવતાં
કેવળ આત્મા સાથેનો તેઓનો વ્યવહાર હતો
દેહભાવથી ઉપર ઊઠીને પ્રતિપળનું જીવન હતું
તેથી સ્તો તેઓને સર્વથી સહજ વંદન થઈ જતાં
સામે પ્રતિભાવે તે સૌને વંદન ધરતાં.
જ્યોતિબહેન અધ્યાત્મનું દિવ્ય જીવન જીવ્યાં
તેઓને મન સૌ પોતાનાં... સૌ પ્રભુનાં... તેથી
તો સૌનાં 'મા' બની પ્રેમ વરસાવતાં રહ્યાં
'સૌનાં બા' સોનાબાના વાત્સલ્યધોધની પ્રતીતિ કરાવતાં રહ્યાં
જ્યોતિબા જ્યોતનાં 'બા' બની રહ્યાં
સમગ્ર ગુણાતીત સમાજનાં વ્હાલાં થયાં
ને આજે શ્રીજીનાં વ્હાલાં થઈ ધામમાં બિરાજી ગયાં
દેહ નથી પણ આત્મતત્ત્વ શાશ્વત છે
પુનઃ દેહ ધારણ કરી સૌને સુખ દેશે
જ્ઞાન-ભક્તિના માર્ગે દોરી 'સહજાનંદ' આપશે
આ પૂર્ણ જ્યોતિપ્રકાશને કોટિ કોટિ વંદન !
તેઓના બ્રહ્મસ્પર્શ પામી ધન્ય થયેલાં સૌ
આપણે અહોભાવે સંકલ્પ કરી, પ્રાર્થીએ !
હે પ્રભુ ! હે દયાળુ !
જ્યોતિબહેન સરીખું ઋજુ હૃદય આપો !
સ્વરૂપનિષ્ઠાની સંપૂર્ણ દૃઢતા આપો !
સર્વદેશીયતાથી જીવતા કરો !
સંબંધીમાં સુહૃદભાવે વર્તવા શક્તિ આપો !
સર્વમાં સંબંધ જોઈ જીવન જીવતાં શીખવો !
નિર્દોષબુદ્ધિએ સંબંધ કરવા સુધબુધ આપો !
માહાત્મ્યથી ભર્યા રહી સેવા કરવા બળ દો !
દાસત્વભાવે સૌ સાથે વર્તન કરાવો !
આપની મૂર્તિમાં અખંડ રહી ભક્તિ કરતા કરી દો !
તેવાં જીવન જીવીએ
જ્યોતિબહેનને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ
તે માટે સમજ શક્તિ ને ભક્તિ દો ! ◆



શીલમાળા વચ સ્વામિનારાયણ

બ્રહ્મજ્યોતિ, ૧૪.૧.૨૦૧૮-મકરસંક્રાંતિ, પ.પૂ. જ્યોતિબેન નિર્વાણદિન.